અપીલ અરજી નં.૨૩૫ તા.૨૯–૧૦–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧–૧૦–૧૦ની અરજીથી (૧) સચિન જી.આઈ.ડી.સી. નાકા, માધવ પાર્ક પાસે, ખોડિયાર મોટર અને ખાડીની વચ્ચે જે જગ્યા પર અમુક માટી પુરાણ કરી જમીન હાલ ઉપયોગમાં લેવાઈ રહી છે તેની કાયદેસરતા, પરવાનગી તથા મુળ માલિકની વિગતો સહિતની માહિતી વિ. મુદ્દા નં.૧ થી ૩ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૩૫/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧–૧૦–૧૦ની અરજીથી (૧) સચિન જી.આઈ.ડી.સી. નાકા, માધવ પાર્ક પાસે, ખોડિયાર મોટર અને ખાડીની વચ્ચે જે જગ્યા પર અમુક માટી પુરાણ કરી જમીન હાલ ઉપયોગમાં લેવાઈ રહી છે તેની કાયદેસરતા, પરવાનગી તથા મુળ માલિકની વિગતો સહિતની માહિતી વિ. મુદ્દા નં.૧ થી ૩ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૫૩૫ તા.૨૦–૧૦–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦૫ તા.૪–૧૧–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્રનં. સા.ઝોન /ટેક/ ૫૮૨ તા.૨૬–૧૧–૧૦ થી અરજદારની મુળ અરજીની નકલ,જાહેર માહિતી તરફથી આપેલ માહિતીના પત્રની નકલ, તથા સાદર રજુ રીપોટેની નકલની પુરક માહિતી પહોંચતી કરવામાં આવેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ અરજી સાથે મૂળ અરજીની નકલ, શિવ નમકીન,૨૨ એ, શીવાંજલિ, ઉધના મગદલ્લા રોડ, સુરત ની પાણીની લાઈનની તાત્કાલિક તપાસ કરી તે સંસ્થા વિરૂધ્ધ કાર્યવાહી કરવાની તા.૧૮–૯–૧૦ ની અરજીની નકલ, સ્કુલ બીલ્ડીગ ઉપર મોબાઈલ ટાવર લગાવનાર વિરૂધ્ધ તાત્કાલીક કાર્યવાહી કરવાની તા.૨૮–૭–૧૦ તથા ૧૯–૭–૧૦ ની અરજીની નકલ તથા જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતીના પત્ર નં.સા.ઝોન/ટેક/૫૩૫ તા.૨૦–૧૦–૧૦ ની નકલ રજુ કરેલ છે.

અરજદારની તા.૧–૧૦–૧૦ની અરજીથી માંગેલ માહિતી મુદ્દા નં.૧ (૧) સચિન જી.આઈ.ડી.સી. નાકા, માધવ પાર્ક પાસે, ખોડિયાર મોટર અને ખાડીની વચ્ચે જે જગ્યા પર અમુક માટી પુરાણ કરી જમીન હાલ ઉપયોગમાં લેવાઈ રહી છે તેની કાયદેસરતા, પરવાનગી તથા મુળ માલિકની વિગતો સહિતની માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સચિન જી.આઈ.ડી.સી. નાકા, માધવ પાર્ક પાસે, ખોડિયાર મોટર અને ખાડીની વચ્ચે જે જગ્યા પર અમુક માટી પુરાણ કરી જમીન હાલ ઉપયોગમાં લેવાઈ રહી છે તેના માલિક અત્રે મળેલ માહિતી મુજબ ખોડિયાર મોટર્સ વાળા છે. તેમજ સદર સ્થળે બાંધકામની વિકાસ પરવાનગી માટેની કાર્યવાહી મુખ્ય કચેરીએ પ્રગતિમાં છે. તેવુ જણાવેલ છે. મુદ્દ નં.૨ અમો ધ્વારા તા.૨૮–૭–૧૦ થી સ્કૂલ ઉપર ટાવરની ફરિયાદ જે ડે.કમિશ્નર (જન) ને તથા ઝોનલ અધિકારી સા.ઝોન. ઉધના ને તા.૧૯–૭–૧૦ ના રોજથી કરેલ તે સંદર્ભ થયેલ કાર્યવાહીની માહિતી, તથા આ બાબતે જો કોઈ નોટિસ આપેલ હોય તો તેની મુદત તથા મુદત પુરી થયા બાદની થયેલ કાર્યવાહી તેમજ કાર્યવાહી કરનાર કે ન કરનારઅધિકારીઓની નામ હોદ્દા સહિતની માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સ્કુલ ટાવરની ફરિયાદ અંગે અત્રેથી નોટીસ આપવામાં આવેલ છે. સદર બાબતે કાર્યવાહી સાઉથઝોન (ઉધના) ના સબઝોન–૨ ના શહેર વિકાસ ખાતા વિભાગના આસી. ઈજનેર તથા ડે. ઈજનેરશ્રીએ કરવાની રહે છે. તેવુ જણાવેલ છે. મુદા નં.૩ અમો ધ્વારા તા.૧૮–૯–૧૦ ના રોજ એડી.સીટી ઈજનેરશ્રી બી.એસ.શાહ સા.ઝોન ઉધનાને ગેર કાયદેસર ફરસાણ બનાવીને પોતાની બ્રાંડથી શહેરભરમાં વેચવા બાબત તથા તેને આપેલ પાણીના કનેકશન બાબતે કરેલ ફરિયાદ સદર્ભે થયેલ કે ન થયેલ કાર્યવાહીની, જવાબદાર અધિકારીઓના નામ તથા હોદ્દા સહિતની માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેથી પાણીનું કનેકશન આપવામાં આવેલ નથી. તેમજ તે અંગે કાર્યવાહી ચાલુ છે અને તે બાબતની કાર્યવાહી સાઉથઝોન (ઉધના) ના સબઝોન–/ ના પાણી વિભાગના જુની. ઈજનેરશ્રી તથા ડે.ઈજનેરરીએ કરવાની રહે છે. વધુમાં ફુડ લાયસન્સ અંગેની વિગતો ફુડ ખાતા તરફથી ઉપલબ્ધ થઈ શકે તેમ હોય એ બાબતે અત્રેથી માહિતી આપી શકાય એમ નથી. તેવુ જણાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં. ૧ માં પરવાનગી ન આપી હોવા છતાં આ જગ્યા વપરાશમાં લેવાઈ રહી છે. તે નર્યો ભષ્ટ્રાચાર છે તેમજ મુળ માલીકની વિગતો આપેલ નથી જમીન પુરાણ બાબતે કોઈ કાર્યવાહી કરેલ નથી. મુદ્દા નં.૨ માં ટાવર અંગેની બે ફરીયાદોની કાર્યવાહી જેમકે નોટીસ આપી હોય તો મુદત, અને મુદત પુરી થઈ હોય તો તે પછીની કાર્યવાહીની માહિતી તથા કાર્યવાહી કરનાર ન કરનાર અધિકારીઓના નામની માહિતી આપેલ નથી. મુદ્દા નં. બાબતે પણ આ અરજી અનુસંધાને થયેલી કે ન થયેલી કાર્યવાહી તેમજ જવાબદાર અધિકારીઓના નામની વિગતો આપેલ ન હોવાથી અપીલ કરેલ છે.

હકીકત જોતા મુદા નં. –૧ અંગે જાહેર માહિતીઅધિકારીએ "કાર્યવાહી મુખ્ય કચેરીએ પ્રગતિમાં છે. તેવુ જણાવેલ છે. પરતુ માહિતી પુરી પાડવા સદર કક્ષાએ અરજી તબદીલ કરેલ નથી તેવી રીતે મુદા નં. –૩ અંગે ફુડ ખાતાને અરજી તબદીલ કર્યાની કોઈ વિગતો જણાતી નથી. જયારે ફરજ હેઠળ જવાબદાર અધિકારી/કર્મચારીની વિગતો સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાએ જે આપવા યોગ્ય છે.. અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

માંગેલ માહિતી પૈકી મુદા નં. –૧ અને ૩ આંશિક અંગે લાગત જાહેર માહિતીઅધિકારી ને આઈટીઆઈ એકટ કલમ ૬(૩) હેઠળ દિન –૫ થી વધુ નહી તેટલા સમય તબદીલ કરવા તથા જવાબદારી અધિકારી/કર્મચારી ની વિગતો આઈટીઆઈ એકટ કલમ ૭ (૬) હેઠળ (વિના મુલ્યે) અરજદાર ને દિને પુરી પાડવા તેમજ મુદા નં.૨,૩ આંશિક અંગે દિન–૭ની અવધિ માં લાગત દફતરીની તપાસણી અરજદારને પુરી પાડવા અને થયેલી કાર્યવાહીની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને એડી.સીટી.ઈજનેર(ઉધના ઝોન) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન......જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ,